

પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું ? ખરેખર તો એ જ્ઞાતાદ્રષ્ટા જ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૬૭] * આત્મધર્મ * [અંક-૧૧ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૫ મે-૧૯૯૯

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ઉત્તમ યા નિશ્ચય ધર્મ વહી હૈ જહાં અપને આત્માકો પરમાત્માકે સાથ એક સમાન માના જાવે, જિસસે ઉત્તમ નિર્મલ શુદ્ધોપયોગ ભાવકી પ્રાપ્તિ હો સકે. રાગાદિ મલસે રહિત પરમ શુદ્ધ નિર્મલ શુદ્ધોપયોગરૂપ ભાવ હી મોક્ષકી સિદ્ધિકા ઉપાય હૈ. ૫૫૯. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું–૨૫)*

❀ આદિ-મધ્ય-અંતરહિત, શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ! પરમાત્મામાં સકલ નિર્મળ કેવળજ્ઞાનરૂપ નેત્ર વડે અરીસામાં પ્રતિબિંબોની પેઠે, શુદ્ધાત્મા આદિ પદાર્થો આલોકિત થાય છે—દેખાય છે—જણાય છે—પરિચ્છિન્ન થાય છે તેથી તે કારણે તે જ (શુદ્ધાત્મા જ) નિશ્ચયલોક છે અથવા તે નિશ્ચયલોક નામના પોતાના શુદ્ધ પરમાત્મામાં અવલોકન તે નિશ્ચયલોક છે. ૫૬૦.

*(શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૫)*

❀ ભગવાનકા વચન યહ હૈ કિ યહ આત્મા નિશ્ચલ શુદ્ધ હૈં. જિનવચન શુદ્ધ સમ્યગ્દર્શનકા સ્વરૂપ બતાતા હૈ. આત્માકા સ્વભાવ વચનોંસે રહિત હૈ અથવા જિનવચન યહ હૈ કિ યહ આત્મા કેવલ શુદ્ધસ્વરૂપ હૈ. ૫૬૧.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૬૦૯)*

❀ જો કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને નિશ્ચળપણે અનુભવ્યા કરે તો આ આત્મા, જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને પરપરિણતિના નિરોધથી શુદ્ધ જ પ્રાપ્ત કરે છે. ૫૬૨.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૨૭)*

❀ આ જીવ પોતાના શુદ્ધ આત્માને જે ક્ષણે દેખે છે તે જ ક્ષણે તેનો વિભ્રમ નાશ થાય છે અને સ્વસ્થચિત્ત થાય છે અર્થાત્ જ્ઞાન આકુળતારહિત સ્થિર થાય છે, અને નિર્વિકલ્પ સમાધિને પામે છે. ૫૬૩.

*(—પરમાનંદ સ્તોત્ર, શ્લોક–૧૫)*

❀ ચિદાનંદ–ભાવનાથી ચિત્‌પરિણતિ શુદ્ધ થાય છે, ચિત્‌પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ થાય છે. અનાત્મપરિણામ મટાડી આત્મપરિણામ કરવા એ જ કૃતકૃત્યપણું છે, યોગીશ્વર પણ એટલું કરે છે. ૫૬૪.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૧૮)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૧૧
[૬૬૭]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
MAY
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## જિનોક્ત વ્યવહાર-સમ્યક્ત્વનું સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૮)

આ, શ્રી પ્રરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૨૨ ગાથા પૂરી થઈ છે. હવે ૨૩ મી ગાથામાં જીવ અને પુદ્‌ગલ એ બે હલન-ચલનાદિ ક્રિયાયુક્ત છે અને ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર નિઃક્રિય છે એમ નિરૂપણ કરે છે.

આ આત્મા વસ્તુ તરીકે શુદ્ધ જ્ઞાન-આનંદકંદ છે. તે જ નિશ્ચયસમ્યગ્દર્શનમાં કારણ છે. સમ્યગ્દર્શન જ મૂળ ધર્મ છે તેનું કારણ આ શુદ્ધ આત્મદ્રવ્ય પોતે જ છે. નિશ્ચયધર્મની સાથે વ્યવહારધર્મ પણ પ્રગટ થાય છે, તેનો વિષય છએ દ્રવ્યો છે, તેમાં જીવ અને પુદ્‌ગલ ક્રિયાવાળા છે અને અન્ય ચાર દ્રવ્યો નિઃક્રિય છે. તેથી જીવમાં જે હલન-ચલનાદિ ક્રિયા થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે એ તેને વ્યવહારસમકિતના વિષયમાં સમજવું જોઈએ અને આ ક્રિયામાં જીવને, ધર્મદ્રવ્ય અને પુદ્‌ગલની ક્રિયાનું નિમિત્ત હોય છે તે પણ તેણે માનવું જોઈએ.

दव्व चयारि वि इयर जिय गमणागमण-विहीण ।
जीउ वि पुग्गलु परिहरिवि पभणहिं जाण-पवीण ॥२३॥

અર્થઃ—હે હંસ ! જીવ અને પુદ્‌ગલ આ બે સિવાય ચારેય દ્રવ્ય હલન-ચલનાદિ ક્રિયા રહિત છે, જીવ-પુદ્‌ગલ ક્રિયાવંત છે, ગમનાગમન કરે છે એમ, જ્ઞાનીઓમાં ચતુર રત્નત્રયના ધારક શ્રુતકેવળી કહે છે.

અહીં જીવને ‘હંસ’ કહીને સંબોધ્યો છે. હે હંસ ! આત્મા અખંડ જ્ઞાયક છે

તેની પ્રતીત તો તું કરજે જ પણ બીજા દ્રવ્યોનું સ્વરૂપ પણ જેમ છે તેમ તું જાણજે.

જીવ અને પુદ્ગલ બે દ્રવ્યોમાં ગમન કરવાની લાયકાત છે માટે તારું ગમન થાય છે તે તારી પોતાની લાયકાતથી થાય છે કોઈ અન્ય દ્રવ્ય તને ચલાવતું નથી. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્ય તો જે જગ્યાએ છે ત્યાં સ્થિર છે ત્યાંથી હલન-ચલન કરીને બીજે જતાં નથી પણ જીવ અને પુદ્ગલ એક જગ્યાએ સ્થિર નથી. જીવ અને પુદ્ગલ ગમન કરે છે વળી સ્થિર થાય છે, એ બધો તે દ્રવ્યનો પોતાનો ધર્મ છે–પોતાની લાયકાત છે.

હે હંસ ! તું ગતિ કરે છે એ તારી પર્યાયની લાયકાતથી કરે છે માટે એ પર્યાયનો ધર્મ છે અને બીજા જીવ-પુદ્ગલાદિ ગમન કરે છે તે તેના ધર્મથી (સ્વભાવથી) ગમન કરે છે. આ જાણવું એ તારી વ્યવહારશ્રદ્ધાનો વિષય છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં શરીરાદિ નોકર્મ નિમિત્ત છે, ધર્મદ્રવ્ય પણ નિમિત્ત છે પણ ઉપાદાન પોતાનું છે.

વ્યવહારસમકિતનું સ્વરૂપ જેવું અહીં છે તેવું બીજા ધર્મમાં ક્યાંય નથી. વીતરાગે કહેલું વસ્તુનું સ્વરૂપ આ રીતે જ છે એમ બરાબર શ્રદ્ધા કરવી. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય ભગવાને કહેલો 'શુદ્ધ આત્મા' છે અને વ્યવહારસમ્યગ્દર્શનનો વિષય ભગવાને કહેલા છ દ્રવ્યો છે. જીવ અને પુદ્ગલ ગતિક્રિયા સહિત છે, બીજા ચાર દ્રવ્ય ગતિક્રિયા રહિત છે એમ જાણવું અને માનવું તે વ્યવહારસમકિતનું કારણ છે.

અજ્ઞાનીજીવે 'સમજણ'ના ઘર કદી જોયા નથી. તેને તો આ કરવું...તે કરવું.....તેની જ પડી છે, સમજણની દરકાર નથી, પણ વસ્તુને સમજ્યા વિના વસ્તુનું શ્રદ્ધાન થઈ શકતું નથી. જીવ ગતિ કરે છે તે પોતાની લાયકાતથી કરે છે અને પૈસા, શરીરાદિની ગતિ પુદ્ગલની લાયકાતથી થાય છે એમ જાણવું તે વ્યવહારશ્રદ્ધાનો વિષય છે અને નિશ્ચય નામ સત્ય સમ્યગ્દર્શનનો વિષય સત્ય આત્મા પોતે છે.

સત્ય સમ્યગ્દર્શનનો વિષય સત્ય પરમબ્રહ્મ શુદ્ધાત્મા પોતે છે. માટે તે સમ્યગ્દર્શનનું કારણ છે. આ સમ્યગ્દર્શનની સાથે જે શુભરાગ છે તેમાં, જીવાદિ છએ દ્રવ્યનું સ્વરૂપ સમજવાનો ભાવ રહે છે તેથી તેનું જ્ઞાન જીવાદિની ક્રિયા, ધર્માદિ દ્રવ્યોની અક્રિયા આદિ ભગવાને કહ્યાં છે તે પ્રમાણે જાણે છે એ તેની વ્યવહારશ્રદ્ધાનું કારણ છે. સત્ય પ્રભુ આત્મા નિશ્ચયસમ્યક્ત્વનું કારણ છે અને તેની સ્વતંત્ર સક્રિયદશા તે વ્યવહાર-સમ્યક્ત્વનું કારણ છે.

એ જ રીતે, જીવ ગતિ કરે ત્યારે શરીર અને કર્મ તેની ગતિમાં નિમિત્ત છે. ધર્મદ્રવ્ય પણ જીવની ગતિમાં નિમિત્ત છે અને ગતિપૂર્વક સ્થિતિમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે. આ બધું જીવને વ્યવહારસમકિતનાં વિષયમાં કારણભૂત છે. આ તો પરમાત્મપ્રકાશ છે ને ! નિશ્ચય સમ્યક્ત્વનો વિષય આખો આત્મા તો બતાવ્યો, સાથે વ્યવહાર સમ્યક્ત્વના વિષયભૂત જીવની સ્વતંત્ર ગતિ, સ્થિતિ, ક્રિયા રાગ આદિ પણ બતાવે છે.

જ્યાં સુધી કેવળજ્ઞાન અને પૂર્ણ સ્થિરતા નથી ત્યાં સુધી જીવને ગતિ, સ્થિતિ, રાગ આદિ હોય છે તેને સમકિતીનું જ્ઞાન બરાબર જાણે છે કારણ કે તેને વ્યવહારશ્રદ્ધામાં તે નિમિત્ત છે. નિશ્ચયસમકિત હોય તો સાથે રહેલાં આ જ્ઞાનને વ્યવહાર-ઉપચાર કહેવાય. નિશ્ચય વગર તેને ઉપચાર પણ લાગુ પડતો નથી. એક અખંડ દ્રવ્ય નિશ્ચય સમકિતનો વિષય થાય છે અને જે બાકી રહી જાય છે તે સર્વ ભાવો વ્યવહારસમકિતના વિષય થાય છે. જીવની ગતિ, સ્થિતિ, રાગાદિભાવ, અન્ય જીવો, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ બધાં વ્યવહારના વિષય છે.

આ નિશ્ચય-વ્યવહાર સમકિતનો વિષય કોણ બતાવે છે ? કે જ્ઞાનીઓમાં ચતુર રત્નત્રયના ધારક શ્રુતકેવળીઓ કહે છે. અર્થમાં 'કેવળી' પણ લીધા છે તે ન લેવાય કેમ કે આગળ અર્થમાં ભેદાભેદરત્નત્રયના આરાધકજીવો આમ કહે છે એમ મૂળ સંસ્કૃતટીકામાં કહ્યું છે. કેવળીને ભેદરત્નત્રયની આરાધના હોતી નથી. ભેદાભેદરત્નત્રયના આરાધક સંતો આમ કહે છે એમ સમજવું.

શાસ્ત્રમાં સમજાવવાની રીત પણ કેવી અલૌકિક છે !

ભાવાર્થ :—જીવોને સંસાર અવસ્થામાં એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં કર્મ-નોકર્મ જાતિના પુદ્ગલ સહાયી છે. ગતિમાં ગમનની યોગ્યતા તો જીવની પોતાની છે તેમાં આઠ કર્મ અને તેજસ શરીર આદિ નિમિત્ત છે. સિદ્ધોને પોતાના ઉપાદાનથી જ નિઃક્રિયપણું છે, ગમનાગમન નથી અને સિદ્ધોને કર્મ-નોકર્મના નિમિત્તનો પણ અભાવ છે.

પુદ્ગલના સ્કંધોને ગમનનું બહિરંગ નિમિત્ત કાલાણુરૂપ કાળદ્રવ્ય છે. શરીર, કર્મ, વાણી એ બધા સ્કંધ છે તે ગમન કરે છે પોતાના ઉપાદાનથી પણ તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે એમ જાણવું. પુદ્ગલ દ્રવ્ય રૂપી છે પણ તેની પર્યાયમાં જે ગતિનું પરિણમન થાય છે તેમાં કાળદ્રવ્ય પણ નિમિત્ત છે.

વ્યવહાર સમકિતમાં આ શ્રદ્ધવું જોઈએ કે જીવ અને પુદ્ગલ સ્વયં નિજ

ઉપદાનથી ગતિ કરે છે અને તેમાં કાળાદિદ્રવ્ય નિમિત્તરૂપ છે. જો જીવના ગતિ આદિ પરિણામ પરથી થાય છે એમ માને છે તો તેને તો વ્યવહારશ્રદ્ધાના વિષયની પણ ખબર નથી. અહીં બધો વ્યવહારશ્રદ્ધાનો વિષય ખોલ્યો છે. દરેક દ્રવ્યને પોતાના પરિણમનમાં ઉપાદાનકારણ તો દ્રવ્ય પોતે જ છે, નિમિત્તકારણ બીજું દ્રવ્ય છે.

આ તો વીતરાગ મારગ છે તેમાં ઘણાં પ્રકારના વિષય આવે. માટે, ધ્યાન રાખવું. કાળદ્રવ્યની શ્રદ્ધા કરવી. તેમાં કાળદ્રવ્યનું પરિણમન પોતાના ઉપાદાનથી થાય છે પણ તેના એક સમયના પરિણમનમાં નિમિત્ત કારણ પુદ્ગલ પરમાણુનું મંદગતિએ થતું ગમન છે એમ જાણવું.

આજે બીજી જ ઢબથી વાત આવી છે. ઉપાદાનનું કાર્ય નિમિત્તથી થાય અને નિમિત્તનું કાર્ય ઉપાદાનથી થાય એમ માને છે તેને તો વ્યવહારસમકિતના વિષયની પણ ખબર નથી ને નિશ્ચય સમકિતનો વિષય અખંડ દ્રવ્ય છે તેની પણ ખબર નથી.

સમયરૂપ વ્યવહારકાળનું ઉપાદાનકારણ નિશ્ચયકાળદ્રવ્ય છે અને પુદ્ગલ પરમાણુની મંદગતિ એ તેનું નિમિત્તકારણ છે, મૂળકારણ નથી. પુદ્ગલ પરમાણુ તીવ્રગતિએ ચાલે છે તો એક સમયમાં ચૌદરાજુનું ગમન કરી લે અને મંદગતિએ ચાલે તો એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી જ જાય. એ તેના ઉપાદાન પ્રમાણે ગતિ કરે છે. પરમાણુની ગતિ એ પરમાણુનો પોતાનો ધર્મ છે. આ બધું જીવે પોતાની વ્યવહારશ્રદ્ધામાં લેવું જોઈએ.

જેમ ઘડાની ઉત્પત્તિમાં મૂળકારણ તો માટીનો પિંડ છે અને બહિરંગકારણ કુંભાર છે. કુંભાર મૂળકારણ નથી, મૂળકારણ માટી જ છે એમ નક્કી કરવું જોઈએ. તેમ કાળદ્રવ્યના પરિણમનમાં મૂળકારણ કાળદ્રવ્ય પોતે જ છે. પરમાણુની મંદગતિ નિમિત્તમાત્ર છે. જો કે, પરમાણુની ગતિમાં ધર્મદ્રવ્ય કારણ છે તોપણ, કાળાણુરૂપ નિશ્ચયકાળ પરમાણુની મંદગતિનું સહાયી જાણવું. ઉપાદાન એક છે–પરમાણુ પોતે. પણ નિમિત્ત બે છે. આવું વીતરાગદેવ-ગુરુ સિવાય કોણ બતાવે ! ક્યાંય આ વાત નથી માટે આ છએ દ્રવ્યોની વ્યવહારશ્રદ્ધા બરાબર કરવી.

કોઈને એમ થાય કે આ બધું જાણીને શું કરવું ! શ્રદ્ધા તો એકની કરવાની છે માટે એકને જ જાણવો એમ ન હોય. બધું જાણીને તેનું લક્ષ છોડી દેવાનું છે. જાણ્યા વિના છોડી દેવાનું નથી. જમીને હાથ ધોવાય, જમ્યા વગર હાથ ધોઈને બેસી જાય છે ? તેમ, આ છ દ્રવ્યો, તેનું પરિણમન, તેના ઉપાદાનકારણ, નિમિત્તકારણ એ બધું જાણીને પછી તેની દૃષ્ટિ છોડી દેવાની છે.

પરમાણુના નિમિત્તે કાળનો સમયપર્યાય પ્રગટ થાય છે અને કાળના સહાયથી પરમાણુ મંદગતિ કરે છે. આમાં કોઈને પ્રશ્ન થાય કે ગતિમાં નિમિત્ત તો ધર્મદ્રવ્ય છે, કાળદ્રવ્યને કેમ નિમિત્ત કહ્યું ? તેનો ઉત્તર એ છે કે કોઈપણ કાર્યમાં ઉપાદાન તો એક હોય છે પણ સહકારી–નિમિત્તકારણ ઘણાં હોય છે. નિજદ્રવ્ય જ પોતાના ગુણ-પર્યાયોનું ઉપાદાનકારણ છે અને નિમિત્તકારણ ઘણાં હોય છે તેમાં કાંઈ દોષ નથી. નિમિત્તો ઘણાં હોય તો કામ થાય છે એમ નથી, કામ તો ઉપાદાનથી જ થાય છે. ઘડો માટીના ઉપાદાનથી જ થાય છે. રોટલી ઘઉંના પરમાણુના ઉપાદાનથી થાય છે પણ તેમાં નિમિત્ત સ્ત્રી, પાટલી, વેલણ, તાવડી, અગ્નિ આદિ ઘણાં હોય છે. તેને નિમિત્ત તરીકે જાણવા જોઈએ પણ તેનાથી રોટલી પાકે છે એમ માનવું નહિ. ઉપાદાન તો પોતાનું જ છે એમ શ્રદ્ધા કરવી જોઈએ.

અહા ! વસ્તુની પર્યાયની સ્વતંત્રતા જાહેર કરવી અને તે તે કાળે જેટલાં સ્વતંત્ર નિમિત્તો છે તેને પણ જાહેર કરવા એ વીતરાગની શૈલી છે. નિશ્ચય જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાનનું કારણ ભગવાન આત્મા છે અને વ્યવહારજ્ઞાનનું કારણ છએ દ્રવ્ય અને તેની વિશેષતાઓ છે. આવો વ્યવહાર કોઈએ સાંભળ્યો પણ હોતો નથી. નિજ પૂર્ણ અખંડ અભેદ દ્રવ્ય જ્યાં દૃષ્ટિનો વિષય બન્યો ત્યાં તેની પર્યાયમાં તો ઘણું બાકી રહી જાય છે. ગુણભેદ, પર્યાયભેદ, રાગ, વિકલ્પ, ક્રિયા, પોતાથી અન્ય દ્રવ્યો, તેની ક્રિયા એ બધું જાણવાનું બાકી રહી જાય છે તે બધો વ્યવહારશ્રદ્ધાનો વિષય બને છે.

નિજદ્રવ્ય જ નિજગુણ-પર્યાયોનું મૂળકારણ છે એ સિદ્ધાંત દરેક દ્રવ્યને લાગુ પડે છે. એક એક પરમાણુ–રજકણના ગુણપર્યાયનું કારણ તે રજકણ જ છે. તેને નિમિત્તકારણ ધર્માસ્તિ, કાળાદિ ઘણાં હોય પણ ઉપાદાન એક છે. આ સમજાય છે ? દાખલો આપીને કહો જોઈએ ! દા. ત. 'પૈસા'. તેનું ઉપાદાનકારણ પૈસાના પરમાણુ છે અને તેની ગતિમાં નિમિત્તકારણ ધર્મ, કાળ, હાથ આદિ ઘણાં દ્રવ્યો હોઈ શકે છે.

આ વાત જીવને પોતાની મેળે ખ્યાલમાં આવી નથી અને સાંભળવા મળી નથી તેનો અર્થ એ કે એ જાતની સમજવાની યોગ્યતા નથી.

દરેક વસ્તુના પરિણમનમાં ઉપાદાનકારણ તે વસ્તુ પોતે જ છે અને નિમિત્ત ઘણાં હોય છે. વસ્તુના ગુણનું સ્વભાવિક પરિણમન હો કે વિભાવિક–પરિણમન હો તે દરેક પરિણમનનું મૂળકારણ એ દ્રવ્ય-વસ્તુ પોતે છે. નિમિત્તકારણ જુદાં જુદાં હોય છે.

જીવ અને પુદ્ગલને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે તેથી માછલીને પણ ગતિમાં ધર્મદ્રવ્યનું નિમિત્ત તો છે અને પાણી પણ નિમિત્ત છે. ધર્મદ્રવ્ય તો અનંત જીવો અનંત

પુદ્ગલો-બધાંને ગતિમાં નિમિત્ત છે. જ્યારે પાણી તો માછલીને જ ગતિમાં નિમિત્ત છે. આમ, ધર્મદ્રવ્ય તો બધાંનું સામાન્ય નિમિત્ત છે અને પાણી વિશેષ નિમિત્ત થયું. ગતિ તો ઉપાદાનથી જ છે, પાણી છે માટે માછલી ગતિ કરે છે–એમ નથી. જેમ રેલગાડીને ગતિમાં સામાન્ય નિમિત્ત ધર્મદ્રવ્ય છે અને વિશેષ નિમિત્ત પાટા છે, ઉપાદાન ગાડીના પરમાણુનું પોતાનું છે.

આ જ પ્રમાણે અધર્મદ્રવ્યને નિમિત્ત તરીકે ઓળખવું હોય તો, સ્થિર થયેલાં બધાં જ જીવ અને પુદ્ગલને અધર્મદ્રવ્ય સામાન્ય નિમિત્ત છે–દરેકને અધર્મનું નિમિત્ત છે અને વિશેષ નિમિત્ત આ પુસ્તકને ઠવણીનું છે. તાવડીને ચૂલાનું નિમિત્ત છે. પણ ઉપાદાન સૌને પોતાનું છે.

આમ, નિમિત્ત-ઉપાદાન આદિનું સ્વરૂપ જેમ છે તેમ શ્રદ્ધામાં લે ત્યારે તેનો વ્યવહાર-સમકિતનો વિષય સાચો થયો કહેવાય. વ્યવહારમાં જેને ભૂલ હોય તેને નિશ્ચયમાં પણ ભૂલ હોય. વસ્તુના જ્ઞાનની સાથે તેની પર્યાય, રાગ, અન્યદ્રવ્યની સ્થિતિ શું છે એ પણ જ્ઞાનમાં લેવું જોઈએ.

ઘટની ઉત્પત્તિમાં બહિરંગ નિમિત્ત કુંભાર છે તો પણ દંડ, ચક્ર....આદિ પણ અવશ્ય નિમિત્ત કારણ છે, ઘડાની ઉત્પત્તિના કાળે આ બધાં નિમિત્તકારણો અવશ્ય હોય છે. તેમ જ, જીવને ગતિમાં ધર્મદ્રવ્ય સહાયી હોવા ઉપરાંત કર્મ અને નોકર્મપુદ્ગલ સહકારીકારણ છે. એ જ રીતે, પુદ્ગલને કાળદ્રવ્ય ગતિનું સહાકારીકારણ જાણવું.

ઉપાદાન એક છે અને નિમિત્ત ઘણાં હોય છે પણ એ ઘણાં હોવાથી ઘણું કાર્ય થાય અને ઓછા હોય તો ઓછું કાર્ય થાય–એમ નથી. કાર્ય તો ઉપદાન એકલું સ્વતંત્રપણે જ કરે છે ત્યારે નિમિત્ત સાથે જ હોય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ધર્મદ્રવ્યને તો ગતિસહાયી દરેક જગ્યાએ (શાસ્ત્રમા) કહ્યું છે અને કાળદ્રવ્ય વર્તનાનું સહાયી કહ્યું છે. કાળને ગતિસહાયી કઈ જગ્યાએ કહ્યો છે ? તેનું સમાધાન—શ્રી પંચાસ્તિકાયમાં કુંદકુંદઆચાર્યે ક્રિયાવંત અને અક્રિયાવંતના વ્યાખ્યાનમાં કહ્યું છે. "जीवा पुग्गल......"ઇત્યાદિ. તેનો અર્થ :—જીવ અને પુદ્ગલ એ બંને ક્રિયાવંત છે અને બાકીના ચાર દ્રવ્ય અક્રિયાવાળા છે એટલે કે હલન-ચલનની ક્રિયાથી રહિત છે. જીવને બીજી ગતિમાં ગમનનું કારણ કર્મ છે. દા. ત. શ્રેણીકરાજા નરકમાં ગયાં તેમાં ઉપાદાન તો પોતાનું છે અને ગતિમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે તેમ છતાં કર્મ અને નોકર્મ પણ તેને એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં નિમિત્તકારણ કહેવાય છે. કર્મ અને નોકર્મ એને ગતિમાં લઈ જાય છે–એમ નથી. જીવની સાથે

કર્મ અને નોકર્મ પુદ્ગલ છે તેને ગતિમાં સહાયી કાળદ્રવ્ય છે. આમ, જીવને ગતિનું કારણ પુદ્ગલ અને પુદ્ગલને ગતિનું કારણ કાળદ્રવ્ય છે.

જેમ, ધર્મદ્રવ્ય હાજર હોવા છતાં માછલીને ગમનમાં સહાયી પાણી છે તેમ, ધર્મદ્રવ્ય ગમનમાં નિમિત્ત હોવા છતાં પુદ્ગલને દ્રવ્યકાળ ગમનનું સહકારીકારણ છે. શરીર, વાણી, મનનું હલન-ચલન થાય તેમાં ધર્મદ્રવ્ય તો નિમિત્ત છે જ પણ કાળદ્રવ્ય પણ તેમાં નિમિત્ત છે.

આ બધું વ્યવહારે જાણીને શ્રદ્ધવા લાયક છે પણ આદરવાલાયક શું છે?—તે સરવાળામાં કહે છે. નિશ્ચયનયથી ગમનાદિ ક્રિયાથી રહિત નિષ્ક્રિય સિદ્ધભગવાન સમાન નિઃક્રિય નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે. આ શાસ્ત્રનું તાત્પર્ય થયું. ગમન આદિ ક્રિયા વ્યવહારના વિષયમાં જાય છે. સિદ્ધ સમાન નિષ્ક્રિય નિજ શુદ્ધાત્મા નિશ્ચયનયનો વિષય છે. જેમાં બે પ્રકાર નથી એ જ ઉપાદેય છે. જેમાં કોઈ ઉપાધિ નથી, કોઈ ભેદ નથી એવો દ્વંદ્વ રહિત શુદ્ધાત્મા જ શ્રદ્ધામાં લેવા જેવો છે. વ્યવહારકારણો જે કહ્યાં તે જાણવાયોગ્ય છે પણ આદરવા યોગ્ય શુદ્ધાત્મા છે. તે જ નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ છે.

નિશ્ચય જાણીને આદરવાયોગ્ય છે અને વ્યવહાર જાણીને છોડવાયોગ્ય છે. પર્યાયના ભેદો કે ગુણ-ગુણીના ભેદો જાણવાયોગ્ય ભલે હો પણ આદરવા માટે તો નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા એક જ છે.

શ્રોતા :—પહેલાં જાણવું કે પહેલાં આદરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જાણ્યા વિના આદર કોનો કરશે! પહેલાં જ્ઞાન કરે તો શુદ્ધાત્માનો આદર થઈ શકશે અને વ્યવહારને છોડી શકશે. નિશ્ચયનો વિષય એક અખંડ છે એમ જાણીને, તેનો તો આદર કરે છે અને વ્યવહારનો વિષય ભેદરૂપ છે, રાગરૂપ છે એમ જાણીને તેને હેય કરે છે. વ્યવહાર સમકિત અને તેનો વિષય એ કોઈ આદરવા લાયક નથી, માત્ર જાણવાલાયક છે.

વીતરાગે કહેલું અનેકાંતસ્વરૂપ કોઈ અલૌકિક છે. નિશ્ચય-વ્યવહાર બંને છે, નિશ્ચયને કાઢી નાખશે તો વ્યવહાર નહિ રહે અને વ્યવહારને કાઢી નાખશે તો નિશ્ચય નહિ રહે. 'બંને છે' પણ બંને આદરણીય નથી. અખંડાનંદ પ્રભુ નિશ્ચયનો વિષય છે. તેને ન માને તેણે વસ્તુને જ ન માની અને વ્યવહારને ન માને તેણે તીર્થને જ ન માન્યું. તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ, ગુણસ્થાનની શ્રેણી એ તીર્થ છે, તે સિદ્ધ જ નહિ થાય.

.....આ રીતે બીજા ગ્રંથોમાં પણ નિશ્ચયનયથી હલન-ચલન આદિ ક્રિયા રહિત જીવનું લક્ષણ કહ્યું છે. "यावक्रिया...." ઈત્યાદિ. તેનો અર્થ એ છે કે જ્યાં સુધી જીવને હલન-ચલનાદિ ક્રિયા છે, એક ગતિથી બીજી ગતિમાં ગમન છે ત્યાં સુધી બીજા દ્રવ્ય સાથે સંબંધ છે, જ્યારે બીજાનો સંબંધ મટ્યો, અદ્વૈત થયો ત્યારે નિકલ અર્થાત શરીરથી રહિત નિ:ક્રિય છે. તેને હલન-ચલનાદિ ક્રિયા ક્યાંથી હોય ! અર્થાત્ સંસારીજીવને કર્મના સંબંધથી ગમન છે, સિદ્ધભગવાન કર્મરહિત નિ:ક્રિય છે, તેમને ગમનાગમન ક્રિયા હોતી નથી.

જે પોતાના ઉપાદાનથી સ્થિર થઈ ગયા એવા નિકલપરમાત્માસિદ્ધને ગમન કે ગમનના નિમિત્તનો પ્રશ્ન જ નથી. જીવ કર્મસહિત હતો ત્યાં સુધી એક ગતિથી બીજી ગતિમાં ગમન કરતો હતો ત્યારે પણ કર્મ હતા માટે ગમન કરતો હતો–એમ નથી. સિદ્ધને કર્મ નથી માટે ગમન કરતાં નથી–એમ નથી. ગમનનું ઉપાદાન નથી તેને કોઈ નિમિત્ત પણ નથી અને ગમનનું ઉપાદાન છે તેને નિમિત્ત પણ અન્યદ્રવ્ય હોય છે.

બહુ સરસ વાત છે.

સંસારીજીવને રાગ-દ્વેષ, અજ્ઞાન અને અસ્થિરતા છે ત્યાં સુધી તેને કર્મ સાથે સંબંધ છે. સિદ્ધભગવાન અજ્ઞાન અને અસ્થિરતાના રાગ-દ્વેષાદિથી રહિત છે તેથી કર્મના સંબંધથી પણ રહિત છે. ભગવાન પોતે પોતાના સ્વભાવમાં સ્થિર થઈ ગયા તેથી સ્વત: નિ:ક્રિય થઈ ગયા તેથી ગતિમાં ગમન રહ્યું નથી. આમ, સિદ્ધને ગમનાગમન ક્રિયા હોઈ શકતી જ નથી.

આ ગાથામાં બહુ સ્પષ્ટ વાત આવી છે. વસ્તુની પર્યાયમાં જે કોઈ ભાવ છે તે પોતાના સ્વતંત્ર ઉપાદાનથી જ છે, પરથી નથી એમ એણે શ્રદ્ધવું જોઈએ અને પરદ્રવ્ય નિમિત્ત છે–એમ પણ માનવું જોઈએ. નિમિત્ત છે તેને પણ જાણવું જોઈએ.

હવે છ દ્રવ્યોમાં એક કાળદ્રવ્ય અસ્તિ છે પણ તેને કાય નથી, બાકીના પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. તેમાં કોને કેટલાં પ્રદેશ છે તે હવે ૨૪મી ગાથામાં કહે છે. કોઈ એમ માને કે છ દ્રવ્યનું આપણે શું કામ છે ! આત્માને એકને જાણી લેવો. પણ એમ ન હોય. છ દ્રવ્યને જાણીને તેમાંથી એક આત્માને તારવવાનો છે. તેમાં પણ રાગ-દ્વેષાદિ ભાવ છે તે નક્કી કરીને એકલા આત્માને તારવવાનો છે.

છએ દ્રવ્યમાં કોનું કેટલું ક્ષેત્ર છે એ પણ જાણવું જોઈએ.

धम्माधम्मु वि एक्कु जिउ ए जि असंख्य-पदेश।
गयणु अणंत-पएसु मुणि बहु-विह पुग्गल-देस ॥२४॥

અર્થ :—ધર્મ, અધર્મ અને એક-એક જીવને અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે અને પુદ્ગલને ઘણાં પ્રકારે પ્રદેશ હોય છે. પરમાણુ તો એકપ્રદેશી છે અને સ્કંધ સંખ્યાતપ્રદેશ, અસંખ્યાતપ્રદેશ અને અનંતપ્રદેશ પણ હોય છે.

જુઓ ! દ્રવ્યના ક્ષેત્રની વાત મુનિરાજ કરે છે. કોઈ, આત્માને અખંડ એક દ્રવ્ય માને, બીજી કોઈ વસ્તુ જ નથી–એમ માને તો એ ખોટું છે. વ્યવહારસમકિતના વિષયમાં વસ્તુ જેમ છે તેમ જ્ઞાનમાં આવવી જોઈએ. ધર્મ, અધર્મ અને દરેક જીવોને અસંખ્યપ્રદેશ છે એમ જાણવું.

શ્રોતા :—આ જાણીએ તો ધર્મ કહેવાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ બધો વિકલ્પ છે તેને વ્યવહારધર્મ કહેવાય. વ્યવહારધર્મ એટલે પુણ્ય. નિશ્ચયધર્મ હોય તેના આવા વિકલ્પને વ્યવહારમાર્ગ કહેવાય.

શ્રોતા :—ઘર-બાર, ધંધા-પાણી છોડીને આવ્યા છતાં ધર્મ નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘર-બાર અને ધંધા તમારા ક્યાં હતા ? કોણ કહે છે કે જીવ ધંધો કરે છે ? જીવ તો રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે છે તે છોડીને આવે તો ધર્મ થાય.

[ક્રમશઃ]

*

ભગવાન કહે છે અરે પ્રભુ ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત—ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર ! શક્તિએ બધા આત્મા ભગવાન છે. તું તારી ચૈતન્યસત્તાનો સ્વીકાર કર ! જાણવું...જાણવું...જાણવું. આ જાણવાની જ્ઞાનશક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું. અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન–આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં—સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે.

*—પૂજ્ય ગુરુદેવશ્રી*

# ભેદ-વિજ્ઞાનથી સર્વ સિદ્ધિ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૬૭)

આ, શ્રી નાટક સમયસારનો સંવર અધિકાર છે. તેના ચોથા શ્લોક ઉપરનું પમુ પદ્ય છે. તેમાં સમ્યગ્દષ્ટિનો મહિમા બતાવે છે.

પુણ્ય-પાપથી રહિત શુદ્ધ, પૂર્ણ, ચૈતન્યવસ્તુની દૃષ્ટિ થતાં તે જીવ સમ્યક્ દૃષ્ટિવંત થાય છે તેની મહિમા વર્ણવે છે.

भेदि मिथ्यात सु वेदि महारस,
भेदविज्ञान कला जिन्ह पाई ।
जो अपनी महिमा अवधारत,
त्याग करैं उर सौंज पराई ॥
उद्धत रीति फुरी जिन्हके घट,
होत निरंतर जोति सवाई ।
ते मतिमान सुवर्न समान,
लगै तिन्हकौं न सुभासुभ काई ॥५॥

અર્થ :—જેમણે મિથ્યાત્વનો વિનાશ કરીને અને સમ્યક્ત્વનો અમૃતરસ ચાખીને જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી છે, પોતાના નિજગુણ દર્શન, જ્ઞાન, ચારિત્ર ગ્રહણ કર્યા છે, હૃદયમાંથી પરદ્રવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓનું ગ્રહણ કરીને જ્ઞાનજ્યોતિની સવાઈ વૃદ્ધિ કરી છે, તે વિદ્વાનો સુવર્ણ સમાન છે, તેમને શુભાશુભ કર્મમળ લાગતો નથી.

भेदि मिथ्यात सु वेदि महारस, અનાદિથી અજ્ઞાનીને મિથ્યા માન્યતા છે કે હું પુણ્ય–પાપવાળો છું, નિમિત્તના સંગવાળો છું, પર્યાય જેવડો છું....તે મિથ્યા માન્યતાને જેણે પોતાના અસંગ પદાર્થની દૃષ્ટિ વડે ટાળી છે અને ચૈતન્યનો મહારસ ચાખ્યો છે એવા જીવોની વાત છે. તેને પણ પ્રથમ મિથ્યાત્વ હતું—એ સિદ્ધ કર્યું. મિથ્યાશ્રદ્ધામાં મિથ્યાદૃષ્ટિ રાગ અને દ્વેષના વિકલ્પોની અશાંતિને વેદતો હતો, તેને જ કરતો હતો અને એટલો જ હું છું એમ માનતો હતો. હવે તેણે ભેદવિજ્ઞાનની કળા વડે આ મિથ્યાત્વને ભેદી નાખ્યું—અધર્મની ઝેરીદશાને છેદી નાંખી.....કેવી રીતે ? કે પૂર્ણ શુદ્ધ

આનંદકંદ નિજ આત્માનો આશ્રય લઈને મિથ્યાત્વને ભેદી નાખ્યું છે. મિથ્યાત્વને છેદવાની આ એક જ રીત છે. મિથ્યાત્વ નષ્ટ થતાં આત્માનો મહા આનંદરસ પ્રગટ થાય છે તેને ધર્મી વેદે છે.

જ્યાં સુધી નિજ વસ્તુનું અભાન હતું ત્યાં સુધી, પરમાં સુખબુદ્ધિ અને પરમાં દુઃખબુદ્ધિ થતી હતી તેથી કલ્પિત સુખ અને દુઃખનું વેદન થતું હતું—તે ખરેખર ઝેરનું વેદન હતું—અધર્મદશા હતી, તેને ધર્મીએ ભેદી અને મહારસને વેદ્યો. કવિએ 'भेदि' અને 'वेदि'નો મેળ કર્યો છે. પાપના પરિણામમાં સુખબુદ્ધિ રહેવી એ તો મિથ્યાત્વભાવ છે જ પણ શુભભાવમાં હિતબુદ્ધિ રહેવી તે પણ મિથ્યાત્વ છે. આવા મિથ્યાત્વને જેણે ભેદી નાખ્યું અને આત્માનો અતીન્દ્રિય મહા આનંદરસ વેદ્યો તે એક ક્ષણનો અનુભવ પણ મહા અમૃતનો સ્વાદ છે, મિથ્યાત્વના અનંતકાળના અનુભવમાં એકલો ઝેરનો અનુભવ હતો તેને છેદનારો છે.

આ કરોડપતિ અને અબજોપતિ ગણાય છે તે બધાં ઝેરને અનુભવ કરનારા છે. રૂપિયા પોતે ઝેર નથી પણ 'તે મારા છે' એવી અજ્ઞાની જીવની માન્યતા પોતે ઝેર છે. માટે કહે છે કે પૈસાવાળાઓ ઝેરને અનુભવે છે. અમે પૈસાવાળા, અમે મોટા અમલદાર અધિકારી એવો જે અનુભવ છે તે ઝેરનો અનુભવ છે. પૈસા ઝેર નથી પણ તેના ઉપર જે રાગનો રંગ ચડ્યો છે તે ઝેર છે.

भेद-विज्ञानकला जिन्ह पाई। ભેદવિજ્ઞાન કહેતાં જ બે ચીજ સિદ્ધ થાય છે. એક ચીજમાં ભેદજ્ઞાન થઈ શકતું નથી. એક તરફ અખંડાનંદ પ્રભુ આત્મા છે અને બીજી બાજું શરીર, કર્મ અને રાગ-દ્વેષ છે. પણ અનાદિથી જીવ તે બધું એક વસ્તુ તરીકે માને છે. અનાદિથી ભેદ તો છે પણ ભેદવિજ્ઞાન નથી, તે ભેદજ્ઞાનની કળા વડે પ્રગટ થાય છે. આ ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે એવા ધર્મીને જ્ઞાનસ્વરૂપ નિજાત્માના ગુણોની મહિમા હોય છે પણ પુણ્ય-પાપ પરિણામ અને તેના ફળમાં મળતાં સંયોગોના ઢગલાની મહિમા હોતી નથી.

જેણે પોતાના શુદ્ધસ્વભાવનો મહિમા ગ્રહણ કર્યો છે તેને જ ધર્મી કહેવાય છે. પુણ્ય-પાપ અને તેના ફળમાં મળેલી ચીજથી જેને પોતાની અધિકાઈ લાગે છે—સંયોગો વડે પોતાની મહાનતા ભાસે છે તે ધર્મી નથી. પોતાના સ્વભાવ સિવાય બીજા કોઈ સંયોગો કે ભાવોમાં મહિમા-અધિકતા-વિશેષતા જણાય છે તો એ ભાવ પોતે મિથ્યાત્વ છે. ધર્મીને એવા ભાવ ન હોય. અહીં સારા ભાવ કરીશું તો મરીને સ્વર્ગમાં જશું એવી ભવની કે ભાવની ધર્મીને મહિમા હોતી જ નથી.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કે મુનિ મરીને સ્વર્ગમાં જ જાય, વ્યંતર, ભવનવાસી કે જ્યોતિષદેવમાં ન જાય, વૈમાનિકદેવ જ થાય, દેવી ન થાય....પણ કહે છે કે ધર્મીને ભવની મહિમા નથી, એને તો પોતાના સ્વરૂપની મહિમા છે. સ્વર્ગમાં એ દેવ પાસે આવીને દેવીઓ અબજો રૂપિયાના હીરાના સ્વસ્તિક રચીને દેવની મહિમા કરે તો પણ એ ધર્મીદેવને તેની મહિમા આવતી નથી સમકિતી ચક્રવર્તી પોતે મનુષ્ય છે અને ઈન્દ્ર તેના મિત્ર થઈને સમીપ આવીને સિંહાસન પર બેસે પણ ધર્મીને તેની મહિમા નથી. જે નિજમહિમામાં રત છે તેને બીજા કોની મહિમા આવે !

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या..... આ શબ્દ મૂળ શ્લોકમાં છે ને ! જેણે પુણ્ય-પાપના રાગથી જુદો પાડીને નિજ ચૈતન્યને અનુભવ્યો, એવા સમકિતીને પોતાના સ્વરૂપની મહિમા જ ગ્રહણ થાય છે. બીજા કોઈની મહિમા આવતી નથી. સ્વભાવની મહિમાની ખબર નથી તે તો પરની મહિમામાં ગૂંચવાઈ ગયો છે. દસ–બાર છોકરાઓ હોય, એટલી વહુઓ હોય, દરેકના જુદાં જુદાં દાગીના, દીકરીને આણુ સારું કર્યું હોય, જમાઈને હજારોનો હીરો આપ્યો હોય, આબરૂ સારી હોય તેની જગતમાં મહિમા ગણાય પણ એમાં ધૂળેય મહિમા નથી. ચામડાના શરીર અને તેની ચામડા સાથે સગાઈ કરી તેમાં મહિમા કોની કરવી ! અહીં તો સમકિતીએ અનંત આનંદના નાથ સાથે સગાઈ કરી છે તેની મહિમા છે.

આનંદઘનજીએ ભજનમાં લખ્યું છે : 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારસુ ગાઢી' સમકિતીએ અનંતગુણના નાથ સાથે ગાઢ સગાઈની ગાંઠ બાંધી છે. હવે લગન કરીને કેવળજ્ઞાન કરવું એટલી જ વાર છે. પછી સમકિતી સદાને માટે સ્વઘરે ચાલ્યો જશે. આવા સમકિતીને આત્માના આનંદની મહિમા પાસે જગતની કોઈ ચીજની મહિમા નથી, સાક્ષાત્ તીર્થંકરનું સમવસરણ અને વાણીની પણ સ્વભાવ પાસે મહિમા નથી.

त्याग करैं उर सौंज पराई ॥ ધર્મીજીવ નિજ મહિમામાં રત છે અને રાગથી માંડીને સૌંજ નામ પરવસ્તુની મહિમાના ત્યાગી છે. આ 'ત્યાગ'એ ખરો ત્યાગ છે. હૃદયમાં પરનું મમત્વ રાખીને બાહ્યથી ત્યાગ કરે તે ત્યાગી નથી. ધર્મીને પાપ અને પાપના ફળનો જ ત્યાગ છે એમ નથી. પુણ્ય અને પુણ્યના ફળની પણ ધર્મીને મહિમા નથી, તેથી હૃદયમાંથી તે બધાનો ત્યાગ છે. મારી ચીજ–ચૈતન્યદેવ તે જ હું, બાકી કાંઈ મારું નથી. મિથ્યાત્વનો ત્યાગ થતાં વિકલ્પાદિનો પણ દૃષ્ટિમાંથી ત્યાગ થઈ જાય છે. રાગાદિનું ધણીપણું ઉડી જાય છે. ઊંચામાં ઊંચી તીર્થંકરગોત્રની પ્રકૃતિ જે ભાવથી

બંધાય તેનો પણ ધર્મીને દૃષ્ટિમાં ત્યાગ છે. નિજ વસ્તુ અને વસ્તુની દશાના ધ્યેયમાં અન્ય સર્વનો દૃષ્ટિમાંથી ત્યાગ છે.

उद्धत रीति फुरी जिन्हके घट—રાગ અને કર્મના નિમિત્તને નહિ ગણતો, પોતાના શુદ્ધ સ્વરૂપને ગણતો ધર્મી આગળ વધી જાય છે. પોતાના ઉન્નતિક્રમમાં સ્વભાવના ડુંગરે ચડતો જાય છે. હૃદયમાંથી પરદવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓ ગ્રહણ કરતો જાય છે. અંદરમાં શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે તેમ વિકલ્પમાં તેને અનુરૂપ રાગની મંદતા થતી જાય છે. નિર્મળ પુરુષાર્થની ઉગ્રતા દ્વારા અખંડ જ્ઞાનની ધારા અંદરમાં વધી જાય છે. તે ઉદ્ધતધારા કહી છે. કર્મને ગણતો નથી, રાગને ગણતો નથી એવો ધર્મી એક પોતાની ચીજને જ ગણે છે. પોતાના સ્વભાવ અને ગુણને જ ગણતો ધર્મી અન્ય કોઈને ગણત્રીમાં લેતો નથી એવો ઉદ્ધત થઈ ગયો છે. પિતા કમાઈને છોકરાને આપે અને જ્યાં છોકરાં કમાતા થઈ જાય ત્યાં તેને પિતાની કાંઈ ગણત્રી ન હોય, એકબાજુ બેસાડી રાખે એવી ઉધ્ધતતાની આ વાત નથી. અહીં તો બાહ્ય અનુકૂળતા કે પ્રતિકૂળતા કોઈને નહિ ગણતો ધર્મી પોતાના સ્વભાવની શ્રેણીમાં આગળ વધી જાય છે તેની વાત છે. આનું નામ જ સંવર છે.

અંતરમાં સ્વભાવની મહિમા લાવી, વિકલ્પમાત્રની મહિમા છોડી, સ્વભાવના આશ્રયે આગળ વધતો જાય છે એવા ધર્મીને સંવર છે. होत निरंतर जोति सवाई..... સવૈયાનો મેળ બેસડવા 'સવાઈ' વૃદ્ધિ કહી છે, બાકી નિરંતર વૃદ્ધિ થતી જાય છે એમ કહેવું છે. ચૈતન્યજ્યોત ભગવાન, પૂર્ણ આનંદ–જ્ઞાન સ્વરૂપમૂર્તિ, નિરંતર ઉધ્ધત રીતે સવાઈ વૃદ્ધિ કરતો આગળ વધતો જાય છે.

ते मतिमान सुवर्ण समान—જેને આત્મા અનુભવમાં આવ્યો છે તે મતિમાન છે કેમકે, તેણે ખોટી ચીજને છોડીને સાચી ચીજને પકડી લીધી છે. સમકિતી સુવર્ણ સમાન છે. જેમ સુવર્ણને કાટ લાગતો નથી તેમ સમકિતીને પુણ્ય–પાપના પરિણામનો મેલ લાગતો નથી. શુદ્ધતા વધતી જાય છે તેમાં મેલ લાગતો જ નથી. કવિએ કેવું ગોઠવ્યું છે ! લોકો કહે છે કે દયે રોટલાનો ટૂકડો, તેને ભગવાન ઢૂંકડો.....અહીં કહે છે કે સંવરમાં આનંદનો ટૂકડો તેને ભગવાન ઢૂંકડો છે. અનુભવરસનો ટૂકડો લે છે તેને ભગવાન ઢૂંકડો–સમીપ છે. અનુભવરસ એ ધર્મીનો ખોરાક છે.

સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષ એટલે શુદ્ધિની પરિપૂર્ણતા....એ શા વડે થાય ?—કે ભેદજ્ઞાનથી જ સંવર–નિર્જરા અને મોક્ષ થાય છે. આ વાત હવે દશ પદ્યમા કવિ કહે છે.

भेदग्यान संवर-निदान निरदोष है ।
संवरसौ निरजरा, अनुक्रम मोष है ॥
भेदग्यान सिवमूल, जगतमहि मानिये ।
जदपि हेय है तदपि, उपादेय जानिये ॥६॥

અર્થ :—લોકમાં ભેદવિજ્ઞાન નિર્દોષ છે, સંવરનું કારણ છે. સંવર, નિર્જરાનું કારણ છે. તેથી ઉન્નતિના ક્રમમાં ભેદવિજ્ઞાન જ પરંપરાએ મોક્ષનું કારણ છે. જો કે ત્યાજ્ય છે તોપણ ઉપાદેય છે.

ભેદવિજ્ઞાનમાં ભગવાન આત્માને વિકલ્પથી ભિન્ન પાડીને અનુભવવામાં આવે છે માટે ભેદવિજ્ઞાન નિર્દોષ છે અને સંવરનું કારણ છે એટલે કે ધર્મ છે. શુદ્ધાત્મામાં–રાગથી રહિત નિર્વિકલ્પતત્ત્વમાં—આરૂઢ થતાં સંવર થાય છે—શુદ્ધિની શરૂઆત થાય છે અને તે સંવર જ શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે. નિર્જરામાં શુદ્ધિ વધતી જાય છે અને અશુદ્ધિ ટળતી જાય છે. ભેદવિજ્ઞાન કરે નહિ અને નિર્જરા કરવા માટે લાંઘણ કરે તેનાથી સંવર થતો નથી. લાંઘણ એ તો ભગવાન પાસે ત્રાંગા કરવા જેવું છે. નિર્વિકલ્પ નિરાકુળસ્વરૂપ ભગવાન આત્મા પાસે ત્રાંગા કરવા એ તો કલેશના ભાવ છે. સંવર એ તો રાગથી ભિન્ન, આત્માની નિર્દોષ દશા છે. સંવરપૂર્વક આત્મામાં વિશેષ સ્થિરતા થવી તે નિર્જરા છે અને વૃદ્ધિ થતાં પૂર્ણપણે સ્વરૂપમાં સ્થિર થઈ જવું તે મોક્ષ છે. સમયસારમાં પણ આવે છે કે ભેદ અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર આવે છે.

भेदग्यान सिवमूल—ભેદજ્ઞાન જ મોક્ષનું મૂળ છે કેમકે ભેદજ્ઞાનથી જ અનુક્રમે સંવર–નિર્જરાની વૃદ્ધિ થતાં થતાં મોક્ષ થાય છે. ચૈતન્યમૂર્તિ પરમાત્માના ભેટા અંતરમાં થાય છે તેને જ સંવર થાય છે તેને જ શુદ્ધતા વધતાં નિર્જરા થાય છે અને તેને જ શુદ્ધતાની પૂર્ણતા થતાં મોક્ષ થાય છે. આમ, મોક્ષનું મૂળ કહો કે કારણ કહો તે ભેદજ્ઞાન જ છે.

એક વિકલ્પથી માંડીને શરીરાદિ બધાં પરપદાર્થથી ભિન્ન ભગવાન આત્મા અનુભવમાં આવે–એ જ ભેદજ્ઞાન છે–તે જ મોક્ષનું મૂળ છે. જગતમાં મોક્ષનું મૂળ આ સિવાય બીજું કોઈ નથી.

जदपि हेय है.....ભેદજ્ઞાન એ અધૂરી દશા છે તેથી હેય છે. જેવું કેવળજ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ છે તેવું આ નથી. ભેદજ્ઞાનમાં આ શરીરાદિ તે હું નહિ, આ ચૈતન્ય તે હું એવો ભેદ પડે છે અને અપૂર્ણદશા છે માટે હેય છે, તોપણ પરંપરાએ મોક્ષનું કારણ હોવાથી ઉપાદેય છે.

મોક્ષનું અસલી કારણ તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે પણ ભેદવિજ્ઞાન વિના સંવર–નિર્જરા થતાં નથી અને સંવર–નિર્જરા વિના મોક્ષ થતો નથી. માટે પ્રથમ અવસ્થામાં ભેદજ્ઞાન ઉપાદેય છે, પરંપરા મોક્ષનું કારણ છે. મોક્ષ થયા પછી તેનું કાંઈ પ્રયોજન નથી. કાર્ય થઈ ગયા પછી કારણની આવશ્યકતા રહેતી નથી. પૂર્ણપર્યાય પ્રગટ થઈ ગયા પછી અધૂરી પર્યાય રહેતી નથી. માટે ભેદજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે, પૂર્ણ થયા પછી હેય છે અર્થાત્ હોતું જ નથી.

જોયું ! ભેદજ્ઞાન અંશ છે અને ભેદરૂપ છે માટે તે ઉપાદેય નથી, હેય છે. અભેદ પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જવી તે જ ઉપાદેય છે.

હવે એ છઠ્ઠા કશળમાં આચાર્યદેવ કહે છે કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં ઠરી ન જાય ત્યાં સુધી નિરંતર ભેદજ્ઞાન ભાવવું, પછી કોઈ વિકલ્પને અવકાશ નથી. આ માટે કવિવર ૭મુ પદ્ય લખે છે.

भेदग्यान तबलौं भलौ जबलौं मुकति न होइ ।
परम जोति परगट जहां, तहां न विकलप कोइ ॥७॥

અર્થ :—જ્યાં સુધી મુક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભલું છે–પ્રશંસનીય છે. જ્યાં જ્ઞાનની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રકાશમાન થાય ત્યાં કોઈપણ વિકલ્પ નથી.

લોકોને એમ થઈ જાય કે આમાં કરવું શું? ભાઈ ! અંતરમુખ થવું અને બહિર્મુખતાથી જુદું પડવું–એ તારે કરવાનું છે. જ્ઞાની મુનિના માત્ર બાહ્ય તપાદિ જોઈને તપ કરવા લાગીશ પણ અંતર જોઈને નિર્મળતા પ્રગટ નહિ કર તો તારું કામ નહિ થાય. પેલો શેઠાણીનો દાખલો આપીએ છીએ ને ! લાખોપતિની શેઠાણી ખાંડણિયામાં ચોખા ખાંડતી હતી તો ઉપર તો ફોતરાં દેખાય તે જોઈને એક ગરીબ બાઈ બજારમાંથી ફોતરાં લઈ આવીને ખાંડવા બેઠી કે શેઠાણી ખાંડે છે માટે તેમાંથી કાંઈક નીકળશે. પણ ક્યાંથી નીકળે ! હોય તો નીકળેને ! શેઠાણીને પૂછ્યું ત્યારે ખબર પડી કે તે તો ચોખા ખાડતાં હતાં. તેમ, ધર્મીને મહાવ્રત અણુવ્રતાદિ પાળતાં જોઈને તું પણ પાળવા માંડીશ તો તારા હાથમાં કાંઈ નહિ આવે કેમ કે ધર્મી પાસે અંતરમાં રહેલી શુદ્ધતા તારી પાસે કયાં છે ! રાગથી ભિન્ન પડેલો આનંદકંદનો કસ ધર્મીને પાસે છે. તેના વગર એકલા વ્રત–તપાદિ કરવાથી મુક્તિ નહિ થાય.

ઋષભદેવ ભગવાનને છ મહિના આહાર ન મળ્યો પણ તેઓ તો અતીન્દ્રિય આનંદમાં રહેતાં હતાં, ભોજનની ઈચ્છાની વૃત્તિ જ તૂટી જતી હતી. ભગવાનનું જોઈને

અત્યારે ઘણાં વર્ષીતપ કરે છે અને પછી પૈસા ખરચે અને વાહ વાહ થાય. પણ એની પાસે આત્માનો અંતરનો આનંદ અને શાંતિ ક્યાં છે !

અહીં તો કહે છે કે જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી પરથી ભિન્નતાનો ભાવ હોય છે. જ્યાં પૂર્ણપણે પરથી અને વિભાવથી ભિન્ન પડી ગયા ત્યાં ભેદ કરવાનો કોઈ વિકલ્પ રહેતો નથી.

હવે ૭મા કળશમાં કહે છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અછિન્નધારાએ ભેદજ્ઞાન ભાવવું, વચ્ચે ખંડ પડવા ન દેવો. બદામમાંથી તેલ કાઢવું હોય તો એકધારી ઘૂંટે તો તેલ નીકળે. તેમ ભેદજ્ઞાન એકધારાએ ભાવવું, તેમાં વિચ્છેદ પડવા ન દેવો. કારણ કે ભેદજ્ઞાન જ પરંપરા મોક્ષનું કારણ છે. જે કોઈ સિદ્ધ થયા તે ભેદજ્ઞાનથી જ થયા છે અને જે કોઈ નથી થયા તે ભેદજ્ઞાનના અભાવથી જ થયા નથી. નિરંતર રાગથી ભિન્નતાનો અનુભવ કર્યા કરે તો જ રાગથી સર્વથા ભિન્ન પડી જ્ઞાન જ્ઞાયકમાં ઠરી જાય. માટે ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે એમ ૮મા પદ્યમાં કહે છે.

भेदज्ञान संवर जिन्ह पायौ ।
सो चेतन सिवरूप कहायौ ॥
भेदग्यान जिन्हके घट नांही ।
ते जड़ जीव बंधैं घट मांही ॥८॥

અર્થ :—જે જીવોએ ભેદજ્ઞાનરૂપ સંવર પ્રાપ્ત કર્યો છે તેઓ મોક્ષરૂપ જ કહેવાય છે અને જેના હૃદયમાં ભેદવિજ્ઞાન નથી તે મૂર્ખ જીવો શરીર આદિથી બંધાય છે.

भेदज्ञान संवर जिन्ह पायौ એટલે કે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થાય છે. જે કોઈ મુક્તિ પામ્યા તે ભેદવિજ્ઞાનથી જ પામ્યા છે. કોઈ વ્યવહાર ક્રિયાથી કે દયા, દાનાદિથી મુક્તિ પામ્યા હોય એવો એકપણ દાખલો નથી. વ્યવહારના રાગથી પણ જુદા પડી, સ્વભાવનો આશ્રય લઈને જ દરેક જીવો મુક્તિ પામ્યા છે. વ્યવહારને રાખીને કોઈ મુક્તિ પામી શકતું નથી, વ્યવહારના શરણે મુક્તિ થતી નથી.

જેના અંતરમાં ભેદવિજ્ઞાનનો અભાવ છે, રાગથી જે જુદા પડયા નથી, રાગને એકપણે માનીને અનુભવે છે તે જીવો જગતમાં બંધાય છે.

બે કારણથી કાર્ય થતું નથી, ઉપાદાનથી જ કાર્ય થાય છે ત્યારે સાથે નિમિત્ત હોય છે પણ તેનાથી કાર્ય થતું નથી. રાગથી જુદા પડીને અંતરમાં જાય તે મુક્તિ પામે

છે. અમુક નિમિત્ત હોય તે મુક્તિ પામે છે એમ નથી. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય ભાઈ! ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્તની રાહ જોવાની ન હોય! તકરાર કરવી રહેવા દે બાપુ! જે કોઈ મુક્તિ પામ્યા તે ભેદજ્ઞાનથી જ પામ્યા છે અને નથી પામ્યા તે ભેદવિજ્ઞાનના અભાવથી પામ્યા નથી એવી બેધડક એક જ વાત છે. જે કોઈ બંધાયા તે કર્મનું નિમિત્ત હતું માટે બંધાયા એવી બીજી વાત જ કરી નથી. અશુદ્ધ ઉપાદાનવાળા, રાગની એકતા કરીને બંધાયા અને શુદ્ધ ઉપાદાનવાળા, રાગમાંથી એકતા તોડીને મુક્તિ પામ્યા. અહીં તો આ એક જ વાત લીધી છે. [ક્રમશઃ]

### * આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! *

અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદ ગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ—ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે. —*ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# મહાસતી ચંદનાએ ભોગવેલું ખોટા આક્ષેપનું ફળ

મહાસતી ચંદના રાજા ચેટકની પુત્રી હતી. તે એક વખત સખીઓ સાથે વનક્રીડા કરવા ગયેલ ત્યારે રાજા મનોવેગ નામનો વિદ્યાધર તેને જોતા કામાસક્ત થઈ ગયો અને પોતાની પત્ની સાથે હતી તેને પોતાના નગરમાં મૂકીને ચંદનાનું હરણ કરીને જતો હતો પણ તેની પત્ની મનોવેગાને પોતાના પતિના દુરાચારનો ખ્યાલ આવતાં તુરત તે પોતાના પતિની પાછળ આવીને ઘણી ગુસ્સે થઈ. તેથી વિદ્યાધરે ચંદનાને જંગલમાં છોડી દીધી ને પોતાની પત્ની સાથે ઘેર ગયો.

ચંદના જંગલમાં એકલી ગભરાય છે. ત્યાં કોઈ ભીલ આવ્યો. તે પોતાના સ્વામી પાસે લઈ ગયો. તેનો સ્વામી ભીલ પાપી હતો. તેથી તે ચંદનાને પોતાની પત્ની બનાવવા ઈચ્છતો હતો પણ તે ભીલની માતાએ તેને રોક્યો અને ભય બતાવ્યો કે આ તો દેવી છે તેને દુઃખ દેવાથી તે કોપ કરશે અને આપણે દુઃખી થઈ જશું. તેમ કહેવાથી ભીલે ગભરાઈને તેણે બીજા કોઈ કર્મચારીને ચંદના સોંપી દીધી. તે કર્મચારીએ તેના શેઠ વૃષભદાસ પાસેથી ઘણું ધન લઈને ચંદનાને સોંપી દીધી. આ શેઠ ધર્મપરાયણ હોવાથી ચંદનાને પુત્રીવત્ રાખે છે. તેથી શેઠની પત્નીને શંકા પડે છે કે મારા પતિને ચંદના સાથે ખોટો સંબંધ છે તેમ વિચારી ચંદનાને ઘણાં પ્રકારે દુઃખ આપે છે. ખાવાનું સારું આપતી નથી. માથે મુંડો કરાવી બેડી પહેરાવીને બંધનમાં નાંખે છે.

એક વખતે ચંદનાના ભાગ્યોદયથી મુનિરાજ મહાવીરસ્વામી આહાર માટે પધારે છે જેથી ચંદના ખૂબ પ્રસન્ન થાય છે અને તેની બેડી તૂટી જાય છે. પછી ચંદના મહાવીરસ્વામીને આહારદાન આપે છે તે મહાદાનના પ્રતાપે દેવો પંચાશ્ચર્ય કરે છે. તે આશ્ચર્યકારી ઘટના જાણી ચંદનાની મોટી બહેન મૃગાવતી રાણી ચંદનાને મળવા આવે છે અને પોતાના ઘેર લઈ જાય છે અને ચંદનાના માતાપિતા ભાઈઓ આવીને મળે છે. ચંદના પોતાના ઉપર વિતી ગયેલાં દુઃખોની વાત કરે છે તે જાણી માતાપિતા આદિ દુઃખી થાય છે. તે પછી મહાવીર પ્રભુનું સમવસરણ આવે છે ત્યાં દર્શન પૂજન માટે ચંદના વિગેરે સૌ જાય છે. ભગવાનનો ઉપદેશ સાંભળી ચંદના અર્જિકા થાય છે.

એક વખત શ્રેણિક રાજા ગૌતમ સ્વામીને પૂછે છે કે મહાસતી ચંદનાને આટલા બધા દુઃખ કેમ સહન કરવા પડ્યા? તે પ્રશ્નના જવાબમાં ગૌતમસ્વામી કહે છે કે મગધ દેશમાં અગ્નિમિત્ર નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. એક બ્રાહ્મણી હતી તેને શિવભૂતિ નામે પુત્ર થયો અને બીજી વૈશ્ય હતી તેને મિત્રસેના નામની પુત્રી થઈ. શિવભૂતિને સોમિલા નામની સ્ત્રી હતી. પુત્રી મિત્રસેના દેવશર્મા નામના બ્રાહ્મણ સાથે પરણી હતી. એક વખત દેવશર્મા મૃત્યુ પામતા મિત્રસેના વિધવા થવાથી તેના પુત્રો સાથે ભાઈ શિવભૂતિના ઘેર રહેવા ગઈ.

શિવભૂતિ પોતાની બહેન મિત્રસેના અને તેના પુત્રોનું પ્રેમથી ભરણપોષણ કરતો હતો પણ તે પાપી સોમિલા(ભાવિ ચંદનાનો જીવ)થી સહન થયું નહિ. તેથી ક્રોધિત થઈને જૂઠો આક્ષેપ કર્યો કે મારો પતિ મિત્રસેના બેન સાથે ખોટો વ્યવહાર કરે છે. આથી મિત્રસેનાને ઘણું દુઃખ થયું. તેથી ક્રોધિત થઈને નિદાન કર્યું કે મારા ઉપર જૂઠો આળ-આક્ષેપ નાખ્યો છે તેથી હું મરીને બીજા ભવમાં તેનો બદલો લઈશ.

એક વખત શિવગુપ્ત મુનિરાજને સોમિલાએ આહારદાન કરેલ ત્યારે તેના પતિ શિવભૂતિએ દાનની અનુમોદના કરી. વખત જતા શિવભૂતિ મૃત્યુ પામી કાંતપુર નગરમાં રાજા સુવર્ણવર્માને ત્યાં મહાબળ નામે પુત્ર થયો અને સોમિલા મૃત્યુ પામીને ચંપાનગરીના શ્રીષેણ રાજાની કનકલત્તા નામે (ચંદનાનો જીવ) પુત્રી ઉત્પન્ન થઈ. પૂર્વભવના સ્નેહથી મહાબળના લગ્ન કનકલત્તા સાથે થયા. બંને પતિપત્ની પ્રેમથી રહેતા હતા. એક વખત તેઓ ઉદ્યાનમાં વિહાર કરતા હતાં ત્યાં મુનિગુપ્ત મુનિરાજને આહારદાન આપવાનો ભક્તિપૂર્વક લાભ મળ્યો.

એક વખત ચૈત્રમાસમાં મહાબળ વનમાં ફરતા હતા ત્યાં તેને સર્પ કરડવાથી મૃત્યુ પામ્યો. પતિનું મૃત્યુ થવાથી કનકલત્તાએ તલવારથી પોતાનો ઘાત કરી મૃત્યુ પામી.

ઉજ્જયિની નગરીમાં ધનદેવ નામના શેઠ રહેતા હતા તેને ધનમિત્રા નામની પત્ની હતી. તેને ત્યાં મહાબળનો જીવ નાગદત્ત નામે પુત્ર થયો. નાગદત્તને અર્થસ્વામિની નામની એક નાની બહેન હતી (જે પૂર્વભવમાં પણ મિત્રસેના નામની બહેન હતી).

પલાશનગરમાં મહાબળ નામે રાજા હતો તેને કાંચનલત્તા નામે રાણી હતી તેને કનકલત્તાનો જીવ મરીને પદ્મલત્તા નામે પુત્રી થઈ. ધનદેવ શેઠે એક બીજી પત્ની સાથે લગ્ન કરી પહેલી સ્ત્રી ધનમિત્રાને છોડી દીધી. તેથી ધનમિત્રા પોતાના પુત્ર પુત્રી સાથે પરદેશ ચાલી ગઈ. ત્યાં એક શિલગુપ્ત મુનિરાજને પોતાનો પુત્ર

નાગદત્ત શાસ્ત્રાભ્યાસ કરવા સોંપી દીધો અને કેટલાક વખતે નાગદત્ત મહાન પંડિત થયો અને રાજમાન્ય થવાથી ધન સારું મળવાથી તેમાંથી માતા અને બહેનભાઈ આજીવિકા ચલાવવા લાગ્યા.

એક વખત નાગદત્ત ધન કમાવા માટે પલાશનગર જાય છે. ત્યાં (પૂર્વભવની પત્ની કનકલત્તા) પદ્મલત્તા (ચંદનાનો જીવ) સાથે લગ્ન થાય છે અને ધર્મનું આરાધન કરી સન્યાસ મરણ કરી પતિપત્ની સ્વર્ગમાં દેવદેવી થાય છે. ત્યાંથી ચ્યુત થઈને વિદ્યાધરોના રાજા પવનવેગનો પુત્ર મનોવેગ થાય છે અને દેવી (પદ્મલત્તાને જીવ) રાજા ચેટકની પુત્રી ચંદના થાય છે. શિવભૂતિના ભવમાં તેની જે બેન મિત્રસેના હતી કે જેના માટે ચંદનાના જીવે ખોટો આક્ષેપ કરેલો તે મિત્રસેના મનોવેગની પત્ની મનોવેગા થાય છે. મનોવેગ પૂર્વભવના સ્નેહથી વિવશ થઈને રાજા ચેટકની પુત્રી ચંદનાનું હરણ કરે છે. (પૂર્વભવમાં શિવભૂતિની સ્ત્રી સોમિલાએ તેની નણંદ મિત્રસેના ઉપર જૂઠો આરોપ નાખેલ તેથી બીજા ભવમાં બદલો લેવાનું મિત્રસેનાએ નિદાન કરેલ હતું તે મિત્રસેનાનો જીવ મનોવેગા થઈને ચંદનાને જંગલમાં ફેંકાવીને ઘણાં દુઃખનું કારણ થઈને પૂર્વભવનું વેર લીધું.)

ચંદનાનું હરણ કરનાર વિદ્યાધર મનોવેગ એ ભવમાં જ મોક્ષ જાય છે અને ચંદના સમાધિમરણ કરી અચ્યુત સ્વર્ગમાં દેવ થાય છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ પામશે. આ રીતે ચંદનાના પૂર્વ ભવોની ભવાવલી જાણી સભાજનો વૈરાગ્ય પામે છે.

(ચંદનાના જીવે તેની નણંદ ઉપર ખોટો આળ નાખેલ તેના કારણે તેની નણંદનો જીવ તેને ઘણાં દુઃખોનું કારણ થયું. આમ જૂઠા આરોપનું દુઃખદાયી ફળ જાણી કોઈએ અન્ય જીવ ઉપર ખોટો આક્ષેપ-આરોપ-આળ નાખવા નહીં–તેમ આ કથા બોધ આપે છે. આનું વિસ્તૃત વિવેચન ઉત્તરપુરાણમાંથી વાંચી લેવું. અહીં માત્ર ટૂંક સારરૂપ જ આપેલ છે.)

(ઉત્તરપુરાણમાંથી)

*

કરવા-ફરવાનું છે જ ક્યાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું ? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

*—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી*

[તા. ૧૦-૫-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

વિશિષ્ટ—ઉપકારી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેઓશ્રીના ઉપકાર—બહુમાનના ગુણગાન કરતાં અનેકવિધ વિશિષ્ટતાઓનું વર્ણન કરતાં કરતાં વારંવાર કહેતાં કે "પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ છે," "શાસ્ત્રના ગહન ભાવો ખોલવાની ગજબ શક્તિ છે" વિગેરે વિગેરે...તે પરમ—પરમ—ઉપકારી ભવોદધિતારણહાર કલ્યાણસ્વરૂપ કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૧૦મો જન્મજયંતી—મંગલ—મહોત્સવ તા. ૧૩-૪-૯૯ થી તા. ૧૭-૪-૯૯ સુધી, શ્રી દક્ષિણ-ભારત (ચેન્નાઈ, બેંગલોર, બેંગ્લોર—રાજાજીનગર, હૈદરાબાદ)ના મુમુક્ષુમંડળના ગુરુભક્તિપૂર્ણ સૌજન્યથી ૨૫૦૦ થી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસપૂર્વક સુવર્ણપુરીમાં ઉજવાયો હતો.

આ મંગલ મહોત્સવમાં દરરોજ ક્રમશઃ સવારે બહેનશ્રીની દેવગુરુભક્તિ અને સ્વાનુભવ-રસભીની ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, ગુરુભક્તિ-પદોથી અંકિત ભવ્ય 'બેનર' અને વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમાગમ શ્રી સમયસાર ગાથા ૧૬, ૧૭-૧૮ પર કોમ્પ્યુટર-સી.ડી. દ્વારા અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, સમૂહ-ગુરુભક્તિ, પરમાગમ-મન્દિરમાં 'રત્નત્રયમંડલવિધાનપૂજા', ધાર્મિક શિક્ષણવર્ગ; અપરાહ્ન સમાગત વિદ્વાનો દ્વારા શ્રી સમયસાર તેમ જ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્રપ્રવચન, પરમાગમમન્દિરમાં સમૂહ જિનેન્દ્ર-ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; સાંજે આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહના નિવાસ પર તત્ત્વચર્ચા પછી સ્વાધ્યાયમન્દિરમાં ગુરુભક્તિ અથવા દક્ષિણ-ભારતના મુમુક્ષુ તરફથી સંધ્યા-ભક્તિ (સાંજી), મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ટેપપ્રવચન અને અન્તમાં દક્ષિણ-ભારત દિ૦ જૈન મુમુક્ષુમંડળ દ્વારા વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ અથવા વિડિયો દ્વારા ગુરુ-યાત્રાદર્શન અને પૂજ્ય બહેનશ્રીની અનુભવરસભરી આધ્યાત્મિક તત્ત્વચર્ચા—આ પ્રક્રમ બરાબર નિયમિત સારી રીતે ચાલતો હતો. પૂજા, પ્રવચન અને ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી સ્થળ પૂરું ભરાઈ જતું હતું.

તા. ૧૬—૪-૯૯ના દિવસે અપરાહ્ન 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનના સારથિ બનવાનું સૌભાગ્ય ચેન્નાઈવાસી શ્રી ભરતકુમાર કાન્તિલાલ કામદારને સંપ્રાપ્ત થયું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ભવ્ય ગન્ધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વ ભક્તોને અતિ આનંદપ્રદ અનુભવાતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ અને વાજા-ગાજાની સાથે એક 'કહાનકુંવરના પારણાઝૂલન'નું અતિ મનોહર 'ફ્લોટ' (Float) સહુના ગુરુભક્તિભીના મન પોતાની તરફ ખેંચતા હતા. પારણાઝૂલન-આયોજનનું બહુમૂલ્ય સૌભાગ્ય ચેન્નાઈવાસી શ્રી કાન્તિલાલ અમીચન્દ કામદાર-પરિવારને મળ્યું હતું. આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ગ્રામજનતા પૂજ્ય

ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ભજનમંડળીએ મધુર સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય અને અતિ રોચક બનાવી દીધુ હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્રપ્રવચન બ્ર૦ વ્રજલાલભાઈ, રાજુભાઈ કામદાર, હિમ્મતભાઈ ડગલી, રમેશભાઈ (સલાલ), નિરંજનભાઈ (સુરત), ડૉ. પ્રવીણભાઈ (રાજકોટ) તેમ જ અધ્યાપનકાર્ય સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર, બ્ર૦ વ્રજલાલભાઈ, સુભાષભાઈ શેઠ અને રમેશભાઈ (સલાલ)એ ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યુ હતું.

ગુરુ-જન્મજયન્તીનો વાર્ષિક મંગળ દિન :—પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર-પ્રતાપથી નિર્મિત અને પ્રતિષ્ઠિત દક્ષિણ-ભારત (ચેન્નાઈ, બેંગ્લોર, હૈદરાબાદ અને બેંગ્લોર-રાજાજીનગર)ના નૂતન દિગમ્બર જિનમન્દિરોની ઈન્દ્ર દ્વારા ભાવભીની વન્દના અને એ મન્દિરો પ્રતિ વંદનાર્થ ગમનયુક્ત પૂજ્ય ગુરુદેવશ્રીનું ભવ્ય અને વિશાલ ચિત્રપટ ઈત્યાદિ મનોહર દશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાલ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃ દર્શન, સદ્‌ગુરુદેવ-સ્તુતિ અને પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીની વિડિયો-'માંગલિક', પ્રાસંગિક ભક્તિ તેમ જ વંદના, તેમજ પરમાગમમંદિરમાં 'રત્નત્રયમંડલ-વિધાનપૂજા' અને તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; ત્યારપછી—

આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહની અધ્યાપન-કર્મભૂમિ સુરત (ગુજરાત) શહેરમાં—જ્યાં તેઓએ પરમાગમ સમયસારનું સંપૂર્ણ ગદ્યપદ્યાનુવાદ, સમવસરણસ્તુતિ આદિ અનેક કાવ્યરચના કરી હતી ત્યાં—સ્થાનીય દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા—આગામી વિ. સં. ૨૦૫૬, પોષ વદ ૬, બુધવાર, તા. ૨૬-૧-૨૦૦૦—દિગંબર જિનબિમ્બ પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવના નિર્ધારિત આયોજનની હર્ષોલ્લાસભરી ઘોષણા કરવામાં આવી હતી. અને ત્યારપછી—

આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૧૧મા મંગલકારી વાર્ષિક જન્મોત્સવનું આયોજન વઢવાણનિવાસી, બોરીવલી (મુંબઈ)વાસી શ્રી જયન્તીલાલ ચીમનલાલ દોશી પરિવાર તરફથી સાનન્દ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યાર પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિ-રૂપમાં) ગીત અને જયકારપૂર્વક, સભામંડપમાં મંગલ પદાર્પણ, સોનાના સિક્કા, ગુરુ-આશિષ-મુદ્રિત રજત-તાસળી અને અક્ષત-પુષ્પોથી ગુરુ-પ્રતિકૃતિ સમક્ષ 'ગુરુ-જન્મવધાઈ'; અપરાહ્ન શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા-વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને અંતમાં બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા.

આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૬૫ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી. તથા—

પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૬ મહાનુભાવોના તરફથી રાખવામાં આવી હતી.

કહાનગુરુ-જન્મોત્સવના પાંચેય દિવસ સમાગત મહેમાનો માટે સવારે અને સાંજે તથા સ્થાનીક મુમુક્ષુમંડળ માટે સવારનું સ્વામિવાત્સલ્યજમણ શ્રી દક્ષિણ-ભારત (ચેન્નાઈ, બેંગ્લોર, હૈદરાબાદ

અને રાજાજીનગર-બેંગ્લોર) દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી તથા કાયમી જમણ ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૫૦% ડિસ્કાઉન્ટ ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે મુજબ કુલ રૂા.૧૦,૫૨,૮૫૦=૫૦ની આવક થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | દક્ષિણ-ભારત મુમુક્ષુમંડળ દ્વારા જન્મોત્સવ-આયોજનમાં | ૩,૦૦,૦૦૦=૦૦ |
| ૨. | 'જન્મવધાઈ' ૧૦૦૧×૨૦ | ૨૦,૦૨૦=૦ |
| ૩. | 'જન્મવધાઈ' ૫૦૧×૩૪૮ | ૧,૭૪,૩૪૮=૦૦ |
| ૪. | પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૧૦૦૧×૬ | ૬,૦૦૬=૦૦ |
| ૫. | રથયાત્રા, પારણાઝૂલન અને જન્મવધાઈના અવસર પર | ૩,૦૮,૯૪૭=૦૦ |
| ૬. | ૧૧૦ના અંકમાં ૧૧૦×૧૧૯૧ | ૧,૩૧,૦૧૦=૦૦ |
| ૭. | જિનેન્દ્ર-આરતીમાં | ૩,૦૭૭=૫૦ |
| ૮. | અન્ય શુભ ખાતામાં | ૭૮,૬૯૭=૫૦ |
| ૯. | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાન પર ચિત્રપટ સમક્ષ અંતિમ છ માસ સુધી ચરણમાં આવેલી રકમ | ૩૦,૭૪૫=૦૦ |
| | | કુલ રૂ. ૧૦,૫૨,૮૫૦=૫૦ |

કહાન-ગુરુભક્તરત્ન સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની નવમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથી), તા. ૨૯-૪-૯૯ થી તા. ૩-૫-૯૯ (વૈશાખ વદ ૩) સુધી—પાંચ દિવસ સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ અને સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીમય વાતાવરણમાં સાદગીથી સમ્પન્ન થયો. આ પ્રસંગ પર આયોજિત 'શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાનપૂજા'ના સમયે જિનમંદિર મુમુક્ષુઓથી પૂરું ભરાઈ જતું હતું. સમાગત પ્રવચનકાર વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચનના સમયે કરવામાં આવતા ઉપકાર-સ્મરણોથી ભક્તોના હૃદય વિરહવેદનથી દ્રવિત થઈ જતાં હતાં. સમાધિતિથીના દિવસે મંડલવિધાનપૂજાના સમાપન અને પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાન પર સમૂહ-દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ સમયે સર્વે મુમુક્ષુઓએ ઉપકૃતભાવભીની વંદનાવલિ સમર્પિત કરી હતી. *

★ વૈશાખ વદ ૬, ગુરુવાર, તા. ૬-૫-૯૯ના રોજ શ્રી સમવસરણની ૫૮મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે પૂજાભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

★ વૈશાખ વદ ૮, રવિવાર, તા. ૯-૫-૯૯ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સાધનાસ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન તેમ જ તેમાં પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા થયેલી પરમાગમ શ્રી સમયસારજીની મંગલ પ્રતિષ્ઠાનો ૬૨મો વાર્ષિકદિન પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

★ દ્વિતીય જેઠ સુદ ૫, શુક્રવાર, તા. ૧૮-૬-૯૯ના રોજ શ્રુતપંચમી-પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

*　　*　　*

## વૈરાગ્ય સમાચાર :—

ભાવનગરનિવાસી (હાલ-સાંતાક્રુઝ) શ્રી શાંતાબેન પોપલાલ ગાંધી (વર્ષ-૮૫) તા. ૩૧-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-હૈદરાબાદ) શ્રી ગુણવંતરાય શીવલાલ શાહ (વર્ષ-૭૦) તા. ૪-૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મોરબીનિવાસી, મોરબી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રતીલાલ માણેકચંદ સંઘવી (વર્ષ-૯૪) તા. ૬-૪-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ વારંવાર આવીને--રહીને ઘણો જ લાભ લીધો હતો. તેઓ ખૂબ તત્ત્વ-અભ્યાસી હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*　　*　　*

આ શરીર પાણીના પરપોટા સમાન ક્ષણમાં નાશ પામનાર છે, લક્ષ્મી ઇન્દ્રજાળ સમાન વિનશ્વર છે; સ્ત્રી, ધન અને પુત્ર આદિ દુષ્ટ વાયુથી તાડિત વાદળાઓ સમાન જોતજોતામાં જ વિલિન થઈ જાય છે તથા ઇન્દ્રિય-વિષયજન્ય સુખ સદાય કામોન્મત્ત સ્ત્રીના કટાક્ષો સમાન ચંચળ છે. આ કારણે આ બધાના નાશમાં શોકથી અને તેમની પ્રાપ્તિના વિષયમાં હર્ષથી શું પ્રયોજન છે? કાંઈ પણ નહીં. અભિપ્રાય એ છે કે જો શરીર, ધન-સંપત્તિ, સ્ત્રી, પુત્ર આદિ સમસ્ત ચેતન-અચેતન પદાર્થ સ્વભાવથી જ અસ્થિર છે તો વિવેકી મનુષ્યોએ તેમના સંયોગમાં હર્ષ અને વિયોગમાં શોક ન કરવો જોઈએ. *—શ્રી પદ્મનંદિ પંચવિંશતિ*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

*જેણે આત્મામાંથી રાગ-દ્વેષનો નાશ કર્યો, અલ્પજ્ઞતાનો નાશ કર્યો અને વીતરાગ સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે તેવા પરમાત્મા જેવો જ હું છું. મારી અને પરમાત્માની જાતમાં કાંઈ ફેર નથી. ભગવાન સર્વજ્ઞે જે દશાને પ્રાપ્ત કરી છે તેવી દશાને ધરનારો શક્તિવાન હું પોતે જ જિનેન્દ્ર છું. ૧૩૫.

*પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા ! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૧૩૭.

*જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે, જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. **જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ.** ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે. ૧૩૮.

*ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ જીવ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે અને તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે. ૧૩૯.

*

## 卐 તું ક્યાં ફેરફાર કરીશ ? 卐

અહા, બધાંય દ્રવ્યો પોતપોતાના અવસરમાં થતા પરિણામે વર્તી રહ્યાં છે, તેમાં તું ક્યાં ફેરફાર કરીશ ? ભાઈ, તારો સ્વભાવ તો જોવાનો છે. તું જોનારને જોનાર જ રાખ, જોનારને ખદબદાટ કરનાર ન કર. જોનાર સ્વભાવની પ્રતીત તે જ સમ્યગ્દર્શન છે.

*—સમ્યક્રત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

101 દીલીપ આનંદીલાલ શાહ
27, સૌરભ સોસાયટી,
કારેલીબાગ
વડોદરા-390018